Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-2, September-2021

# કઠલાલમાં ગાંધીજી

**લખાભાઈ જોધાભાઈ ખાંભલા (પી.એચડી રીસર્ચ સ્કોલર)**
ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**પૂર્વભૂમિકા**

ઈ.સ. ૧૯૧૫ માં મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હંમેશને માટે ભારત પરત ફર્યા. સૌપ્રથમ ગોપાલકૃષ્ણ ગોખલેના કહેવાથી ગાંધીજીએ ભારત ભ્રમણ કર્યું. ભારત ભ્રમણ દરમિયાન ગામડાઓ અને લોકોની આર્થિક દુર્દશા માટે ગાંધીજીને અંગ્રેજ સરકાર જ જવાબદાર લાગતાં તેઓએ રાષ્ટ્રીય જીવનમાં પ્રવેશ કર્યો. અહીંથી તેઓ આઝાદીના રંગે રંગાઈ ગયા અને દરેક રાષ્ટ્રીય આંદોલનમાં દેશને દોરવણી અને પોતાનો સિંહફાળો આપ્યો હતો.

મહાત્મા ગાંધીજીએ પોતાની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ અમદાવાદમાં સ્થાયી થઈ શરૂ કરી હતી. મહાત્મા ગાંધીજીએ સમગ્ર ગુજરાતમાં ખેડૂતો, મજૂરો અને અસ્પૃશ્યોની ખૂબ જ સેવા કરી હતી. પૂજ્ય બાપુએ ઇ.સ.૧૯૧૫ થી ઇ.સ.૧૯૪૮ સુધી દેશમાં સતત ભ્રમણ કર્યું હતું. તે પૈકી મધ્ય ગુજરાતના વિસ્તારના ગામડાઓ,કસબાઓ અને શહેરોની મુલાકાત લીધી હતી. ખેડા સત્યાગ્રહ વખતે મહાત્મા ગાંધીજીએ ઘણા બધા ગામડાંઓમાં ફરી પોતે જાતે જ ખેતરમાં ઉભેલા પાકનો સર્વે કર્યો હતો. ગાંધીજીની મધ્યગુજરાતના સ્થળોની મુલાકાતમાં કઠલાલની મુલાકાત ખાસ મહત્વની છે. કેમ કે ખેડા સત્યાગ્રહની લડતનું મંડાણ કઠલાલથી થયું હતું, અને ખેડા સત્યાગ્રહની લડતના મંડાણ વખતે ગાંધીજીએ કઠલાલમાં નિવાસ પણ કર્યો હતો. મહાત્મા ગાંધીજીએ કુલ છ વાર કઠલાલની મુલાકાત લીધી હતી. જે પૈકી પાંચ મુલાકાતો સને ૧૯૧૮માં અને એક મુલાકાત સને ૧૯૨૧ના વર્ષમાં લીધી હતી. ગાંધીજીની આ છ મુલાકાતો પૈકી તેમણે પહેલી, ચોથી, પાંચમી અને છઠ્ઠી મુલાકાતમાં કઠલાલમાં ભાષણો આપ્યા હતા. આ છ મુલાકાતો પૈકી પહેલી મુલાકાત વખતે ગાંધીજીએ કઠલાલમાં નિવાસ પણ કર્યો હતો. ગાંધીજીએ કઠલાલમાં નિવાસ કર્યો હોવાનો પુરાવો આજે પણ ત્યાં ઉપલબ્ધ છે.જેનું વિગતવાર વર્ણન આ શોધ પેપર માં રજુ કરેલ છે

**કઠલાલમાં ગાંધીજી**

ગાંધીજી નીચે મુજબ કઠલાલની મુલાકાતો લીધી હતી.

**૧. પ્રથમ મુલાકાત : ૧૮,૧૯ ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૧૮**[૧]

**મુલાકાતનું કારણ : ખેડા સત્યાગ્રહ દરમિયાન મુલાકાત**

ગાંધીજી નડીયાદથી કઠલાલ આવ્યા હતા અને ત્યાંના ખેડૂતો પાસેથી સવિસ્તર હકીકત જાણી લીધી અને પછી ત્યાં જ એટલે કઠલાલની સીમમાં સર્વે નંબર ૯૭ ના ખેતરમાં જાહેરસભા ભરી હતી.

આ સભામાં તેઓશ્રીએ સરકાર સામે સત્યાગ્રહનું શસ્ત્ર ઉપાડવા ખેડૂતોને આદેશ આપ્યો હતો. હિન્દભરમાં સત્યાગ્રહની લડતનો આ પ્રથમ પ્રયોગ હતો. સભાનું વિસર્જન થયા પછી થોડોક સમય આરામ લઈ તેઓશ્રી આસપાસના ગામોમાં ફરવા નીકળ્યા અને ૧૦ કલાક સતત ઘોડા ઉપર મુસાફરી કરી આઠ ગામના ખેડૂતો પાસેથી પાક નિષ્ફળ ગયાની ખાતરી કરી પાછા આવી ઘાસના બાંધવામાં આવેલા માંડવામાં મુકામ કર્યો હતો. મંડળે પણ મોડી રાત્રે પાછા આવી ગાંધીજી સાથે માંડવામાં આરામ લીધો. આ સ્થળ કે જ્યાંથી સત્યાગ્રહની લડતનું પ્રથમ મંડાણ થયું તેનું શુભ સ્મરણ કાયમ રહે તે હેતુથી તે ખેતર ખરીદી તે સ્થળે હાલ ગાંધીજીના સ્મારકનિધિમાંથી “ખેડા સત્યાગ્રહ સ્મારક” રચવાનું નક્કી થયું છે.

ત્યારબાદ ગાંધીજી કઠલાલથી નડિયાદ પાછા ગયા હતા.[૨]

**૨. બીજી મુલાકાત : ૧ એપ્રિલ ઈ.સ. ૧૯૧૮**[૩]

**મુલાકાતનું કારણ : ખેડા સત્યાગ્રહ દરમિયાન મુલાકાત**

ગાંધીજી નડીયાદથી કઠલાલ આવ્યા હતા અને કઠલાલથી કઠાણા ગામે ગયા હતા.[૪]

**૩.ત્રીજી મુલાકાત : ૧૪ મે ઈ.સ. ૧૯૧૮[૫]**

**મુલાકાતનું કારણ : ખેડા સત્યાગ્રહ દરમિયાન મુલાકાત**

ગાંધીજી અમદાવાદથી કઠલાલ આવ્યા હતા. કઠલાલમાં નરહરિભાઈને ત્યાં મુકામ લીધો હતો. બાપુને સખત લૂ લાગેલી હોવાથી અહીં આખો દિવસ ભીને લૂગડે સૂઈ રહ્યા.[૬]

**૪. ચોથી મુલાકાત :૨૮ જૂન ઈ. સ.૧૯૧૮[૭]**

**મુલાકાતનું કારણ : ખેડા સત્યાગ્રહ વિજયયાત્રા સરઘસ રૂપે મુલાકાત**

ગાંધીજીએ ૨૮ જૂન ૧૯૧૮ ના રોજ લીધેલ કઠલાલની મુલાકાત વખતે ડુંગળીચોરનું સન્માન કર્યું હતું અને અહીં સભાને પણ સંબોધી હતી.[૮]

નડીયાદથી યાત્રા બપોરે કઠલાલ આવી પહોંચી. અહીં શંકરલાલ પરીખે ભારે દબાણભર્યું સ્વાગત માટે સરઘસ કાઢેલું. ભજનીયા, પખાજ લઈને લોકો આવ્યા હતા.

“આજે ગાંધીજી પધારિયા જી રે,
આજની ઘડી રે આનંદની”

એ ધ્વનિ કાને વારંવાર પડતા હતા. કઠલાલમાં શંકરલાલ પરીખને ત્યાં વિશ્રાંતિની વ્યવસ્થા કરાઇ હતી.[૯]

આ પ્રમાણે આનંદ ઉત્સવ કરતું મંડળ લગભગ દોઢ કલાકે મોહનલાલ પંડ્યા ને ઘેર પહોચ્યું. ત્યારબાદ વાણિયાની મોટી ધર્મશાળામાં સભા ભરવામાં આવી હતી. ત્યાં સુંદર મંડપની રચના સાથે સ્ત્રીઓની બેઠકની ખાસ ગોઠવણ કરી હતી. લોકોથી ધર્મશાળા ચિકાર ભરાઈ ગઈ હતી. બરાબર પાંચ વાગ્યે વલ્લભભાઈએ સભાનું પ્રમુખ પદ લીધું. શંકરલાલ પરીખે ટૂંકું વિવેચન કર્યું. ત્યારબાદ મોહનલાલ પંડ્યાને આપવાનું માનપત્ર એક નાની સુંદર ‘સત્ય -પ્રેમ’ ના મુદ્રાલેખથી અંકિત ચાંદીની રકાબીમાં મૂકીને ગાંધીજીએ આપ્યું. પંડ્યાજીએ આભાર દર્શન કર્યો.[૧૦]

ત્યારબાદ ગાંધીજી બોલ્યા કે......

શંકરલાલ શિષ્ય શબ્દને જ ઉદ્દેશીને જે વાત શરૂ કરી આવી ચેતવણી આપવામાં પણ માં રહેલું છે. છતાં તેનો ભય વહોરીને પણ હું કહું છું કે હું કોઈનો ગુરુ થવાને લાયક નથી. હું કોઈનો ગુરૂ થઈ શકતો નથી. ધર્મગુરુની જે શોધમાં હોય તે શું ગુરૂ થાય ? શિષ્ય પોતાને કહેતા પહેલા એક કરોડ વાર વિચાર કરજો. શિષ્યે તો ગુરુનો શબ્દ કદીયે લોપવો ન જોઈએ. મારે ગુરુ થવું હોય તો નિર્દોષતાનો દાવો કરવો પડે. હું તો વાદળમાં રહેતો હોઉં એમ મનાય છે. હું તો અંકાઈ ગયેલો છું, હું તો કાંઈ પણ કરી શકું એમ મનાય છે. એટલે મારું કહેલું કોઈ ન કરી શકે એવો ભય સૌને રહે છે.[૧૧]

અત્યાર સુધીના કાર્યોથી હું લોકોની નજરમાં આવ્યો તે લોકોને રુચે એવા હતા. આ લડતમાં જો મેં કાંઈ કાર્યદક્ષતા બતાવી હોય તો તે એટલી જ કે પ્રજાનો પ્રવાહ ક્યાં વહે છે. તે મેં જોઈ લીધું અને મેં તેને સવળે માર્ગે વાળવા પ્રયત્ન કર્યો તેથી તેનું શુભ પરિણામ આવ્યું.[૧૨]

હું સત્યાગ્રહી બનવાનો પ્રયત્ન કરી રહ્યો છું. સત્યાગ્રહી હંમેશા પ્રજામતને અનુસરીને વર્તે છે, એમ નથી. તેને પ્રજામતની સામે પણ ઝુઝવાનો વખત આવે છે. સત્યાગ્રહમાં અસત્ય ન જ હોઈ શકે. તેમાં ગમે તે માણસ ઝંપલાવે તેમાં હરકત નથી. આપણા બધાની જિંદગી પ્રયોગથી બનેલી છે. આપણે પ્રયોગો કરતાં જ રહીશું તો આપણને તેમાંથી કાંઈને કાંઈ મળતું રહેશે. ખડની સાથે કુચા આવે છે અને ઘઉંની સાથે છોડા હોય છે. એ જ પ્રમાણે દરેક પ્રવૃત્તિમાંથી આપણને બે વસ્તુઓ મળવાની જેમ આપણે ઘઉંનો ઉપયોગ કરી છોડાનો ત્યાગ કરીએ છીએ તેમ જીવનમાં પણ આપણે સત્ય ગ્રહણ કરી અસત્યનો ત્યાગ કરવો ઘટે. મારે ઘણા કામો કરવાના છે, તે હું તમને ભાઈઓ અને બહેનો ગણીને જ કરવા માગું છું. તમારી ઈચ્છા હોય તો તમે મને કદાચ તમારો મોટો

ભાઈ ગણો. તેટલાથી જ મને આનંદ થશે. હું મારી જાતને આ કક્ષાએ મુકું છું.[૧૩]

મોહનલાલ પંડ્યા અને બીજા જેલી ભાઈઓ વિશે જે કહેવાયું છે તે યથાર્થ છે. આપણામાં જેલનો ભય આંસુ પડાવે છે. એને બદલે એ ભાઈઓ હસતે મુખે જેલમાં ગયા, હસતે મુખે ત્યાં રહ્યા અને હસતે મુખે તે પાછા આવ્યા. તેથી આ પ્રસંગે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. મોહનલાલ પંડ્યાએ આ લડતમાં સત્યાગ્રહ શીખવાનું શરૂ કર્યું અને લડતને અંતે સત્યાગ્રહની ઊંચી પરીક્ષામાં પાસ થઈ નિકળ્યા. એમને માન આપીને તમે પોતે જ માન લીધું છે[૧૪].

આ સત્યાગ્રહના પરિણામે કઠલાલ ગામની દશા ફેરવાશે. આગળ ઉપર કઠલાલમાં ઘણા સારા કામો થશે, તો જ સત્યાગ્રહને સમજ્યા કહેવાશે. આ જ જે વસ્તુ આપણને હાથ લાગી છે તે રત્નચિંતામણિ સાચવીશું તો તે કલ્પવૃક્ષ જેમ આપણને સદા માગ્યા ફળ આપ્યા જ કરશે.[૧૫]

ભાષણની અસર લોકો પર સરસ પડી. ગાંધીજીએ કઠલાલનો કાર્યક્રમ પૂર્ણ કરી શંકરલાલને ત્યાં રાત્રે ન સુતા સ્ટેશન પર સુવાનો જ આગ્રહ કર્યો અને રાત્રે ૧૧ વાગ્યે ત્યાં ગયા.[૧૬]

**૫. પાંચમી મુલાકાત : ૧૧ જુલાઈ ઈ.સ. ૧૯૧૮[૧૭]**

**મુલાકાતનું કારણ : રંગરૂટોની ભરતી અંગે પ્રવચન આપવા બાબત**

ગાંધીજી નડીયાદથી શ્રીનિવાસ શાસ્ત્રી સાથે કઠલાલ આવ્યા હતા. કઠલાલમાં રંગરૂટોની ભરતી અંગે બંનેએ પ્રવચન આપ્યું હતું. અને ત્યારબાદ ગાંધીજી નડિયાદ પાછા ગયા.[૧૮]

**૬. છઠ્ઠી મુલાકાત : ૦૪ મે ઈ. સ. ૧૯૨૧[૧૯]**

ગાંધીજી કપડવંજ થી કઠલાલ આવ્યા હતા અને કઠલાલમાં સ્ત્રીઓની સભાને સંબોધી હતી.[૨૦]

ગાંધીજીનું કઠલાલમાં ભાષણ :

કઠલાલમાં સ્ત્રીઓની સભાને સંબોધતા કહ્યું કે ધર્મ સાચવવો એ નથી બ્રાહ્મણોના હાથમાં કે નથી પુરુષોના હાથમાં એ તો સ્ત્રીઓના જ હાથમાં છે. સમાજનો પાયો ગૃહ છે અને ધર્મ ગૃહમાં કેળવવાનો છે. ગૃહની સુવાસ આખા સમાજમાં ફેલાશે. કોઈ શહેરમાં ગમે તેટલો ધમધોકાર વેપાર ચાલતો હોય, ગમે તેટલી આબાદી દેખાતી હોય, પણ ત્યાં જો ગૃહ સારા ન હોય તો એ શહેર સારું નથી એમ હું તુરત કહું. સ્ત્રીઓ જ ગૃહની દેવતાઓ છે. એ જો ધર્મ ન પાળે તો પ્રજાનું સત્યાનાશ વળી જાય. યાદવકુળનો શ્રીકૃષ્ણે સંહાર કર્યો હતો તેનું કારણ એ જ હતું તે યાદવ સ્ત્રીઓ વ્યભિચારિણી થઈ ગઈ હતી, તેઓ તેમનો ધર્મ ભૂલી હતી. માટે તેમને હું પવિત્ર થઈને ધર્મનું પાલન કરવાનું કહું છું. અને તમે પવિત્ર થઈને મને અને મૌ.સોકતઅલીને એટલે હિંદુ અને મુસલમાનોને આ સ્વરાજ્યની, ધર્મની લડતમાં યશ મળે એવો આશીર્વાદ આપો એ માગું છું.[૨૧]

આમ મહાત્મા ગાંધીજીએ કઠલાલની કુલ છ વાર મુલાકાત લીધી હતી.

**રૂબરૂ સ્થળ તપાસ : કઠલાલ તા.૧૬/૦૮/૨૦૨૧**

હાલ કઠલાલ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના મુખ્ય મથક છે. ગાંધીયુગમાં કઠલાલ એ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ માટેનું કેન્દ્ર રહ્યું હતું. ગાંધીયુગમાં કઠલાલમાંથી ઘણા બધા સ્વાતંત્ર્ય સેનાનીઓ આઝાદીની લડતમાં જોડાયા હતા. ગાંધીજીએ પણ કઠલાલની કુલ છ વાર મુલાકાત લીધી હતી. કઠલાલની આ છ મુલાકાતો પૈકી ગાંધીજીએ એક વાર કઠલાલમાં રાત્રીરોકાણ પણ કર્યું હતું. ખેડા સત્યાગ્રહની લડતનું પ્રથમ મંડાણ પણ કઠલાલથી જ થયું હતું. ગાંધીજીએ કઠલાલની મુલાકાત લીધી હતી અને ત્યાં રાત્રી રોકાણ કર્યું હતુ તેના પુરાવાઓ આજે પણ ત્યાં ઉપલબ્ધ છે. કઠલાલમાં હાલમાં શેઠ એમ.આર. હાઈસ્કૂલના કેમ્પસમાં VAKIL K M ENGLISH SCHOOL ના મકાનની ડાબી બાજુએ આગળના ભાગમાં ગાંધીજી તે જગ્યાએ રોકાયા હોવાનો પુરાવો આપતી તકતી લગાવેલ છે. આ તકતીમાં લખ્યું છે કે......

**:શાળાની:**

**આ પુણ્ય પવિત્ર ભૂમિ ઉપર**

**મહાત્મા ગાંધીજી**

**'એ'**

**તા ૧૮મી ફેબ્રુઆરી સને ૧૯૧૮ ના રોજ નિવાસ કર્યો હતો.**

હાલમાં આ જ મકાનના જમણી બાજુના રૂમમાં ગાંધીકુટીર બનાવેલ છે. આ કુટીરમાં નીચે ગાદલા પાથરીને તેના પર ખાદીની ચાદર ગોઠવીને તેના પર ગાંધીજીની પ્રતિમા મુકેલ છે. આ પ્રતિમાને સુતરની આંટી પણ પહેરાવેલ છે.આ કુટીરમાં ગાંધી સાહિત્યનું પ્રદર્શન પણ જોવા મળે છે. પ્રદર્શિત સાહિત્યમાં ગાંધીજીની દિનવારી, ગાંધીજીનો અક્ષરદેહ, મહાદેવભાઈની ડાયરી, સત્યના પ્રયોગો વગેરે જોવા મળે છે. કુટીરમાં ગાંધીજીની પ્રતિમાની બિલકુલ સામે પેટી રેટીયો પણ જોવા મળે છે. આ મકાનની(તકતી લગાવેલ મકાન) સ્થાપના ૧ ઓક્ટોબર ઈ.સ. ૧૯૩૩ માં થયેલી છે. ગાંધીજી તા. ૧૮મી ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૧૮ ના દિવસે કઠલાલમાં રહ્યા હતા. ગાંધીજીના કઠલાલના રાતવાસા પછી લગભગ પંદર વર્ષે આ મકાન તૈયાર થયું હતું. ગાંધીજી આવ્યા હતા તે સમયે તેમણે અહીં ઘાસના બાંધવામાં આવેલ માંડવામાં મુકામ કર્યો હતો. આ મુકામ વાળી જમીન પર સમય જતાં VAKIL K M ENGLISH SCHOOL નું મકાન તૈયાર થયું હતું. જેથી ગાંધીજી કઠલાલમાં તે જ જગ્યાએ રહ્યા હોવાનો પુરાવો આપતી તકતી તે મકાન પર લગાવેલ છે. આ સ્થળ કે જ્યાંથી ખેડા સત્યાગ્રહની લડતનું પ્રથમ મંડાણ થયું હતું તેનું શુભ સ્મરણ કાયમ રહે તે હેતુથી ત્યાં “ખેડા સત્યાગ્રહ સ્મારક” બનાવેલ છે. કઠલાલમાં આ સ્મારક શેઠ એમ.આર.હાઈસ્કૂલના કેમ્પસની મધ્યમાં ઊભું છે. આ સ્મારકને કીર્તિસ્તંભના નામે પણ ઓળખવામાં આવે છે. ગાંધી સ્મારકનિધિ, દિલ્હી દ્વારા કઠલાલમાં કીર્તિસ્તંભ અથવા સત્યાગ્રહ સ્મારકની રચના કરવામાં આવી છે. આ સ્તંભની ખાતમુહૂર્ત વિધિ ગુજરાતના છોટે સરદાર સ્વ.શ્રી ચંદુલાલ દેસાઈએ તા.૧૫/૦૮/૧૯૫૫ના રાષ્ટ્રીય પર્વના શુભદિને કરી હતી. અને સ્તંભની અનાવરણ વિધિ પૂજ્ય સુશીલાબેન ગણેશ માવળંકર એ તા.૧૨/૦૧/૧૯૫૮ના રોજ કરી હતી. આ સ્તંભ ની ઊંચાઈ ૩૩ ફૂટ છે. સમગ્ર સ્તંભ પથ્થરમાંથી બનાવેલ છે. સ્તંભની નીચે પૂર્વાભિમુખ હળ ખેડતા ખેડૂતનું સુંદર દ્રશ્ય આરસપહાણના પથ્થરમાંથી ઉપસાવી કાઢેલ છે. બાકીની ત્રણેય દિશાઓમાં ગુજરાતી,હિન્દી તેમજ અંગ્રેજી એમ ત્રણ ભાષાઓમાં આ પ્રમાણેનું લખાણ છે

**“સને ૧૯૧૭ માં અતિવૃષ્ટિ થવાથી ખેડા જિલ્લામાં પાક નિષ્ફળ ગયા. ખેડૂતો તરફથી ગુજરાત સભાની માગણી છતાં સરકારે મહેસૂલ બાબત રાહત ન આપી તેથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નેતૃત્વ નીચે ના કરની લડત શરૂ કરવામાં આવી. આપણા દેશમાં આ પ્રકારનો પ્રથમ સામુદાયિક સત્યાગ્રહ તા. ૧૮/૦૨/૧૯૧૮ ના રોજ ખેડૂતોએ આ સ્થળે પ્રતિજ્ઞા લઇ શરૂ કર્યો”**

સ્તંભ ની ટોચ પર આરસપહાણમાંથી બનાવેલ નંદીનું પ્રતિક છે. ખેડૂતોનો સાચો સાથી બળદ છે કે જેના વગર તેને ચાલે નહીં. વળી નંદીએ શક્તિનું પ્રતીક છે. આમ આ સ્તંભ રમણીય હોવાની સાથે ઐતિહાસિક મહત્વ પણ ધરાવે છે.

કઠલાલમાં શેઠ એમ.આર. હાઈસ્કૂલના કેમ્પસમાં આવેલ કીર્તિસ્તંભ અને ગાંધી કુટિર આજે પણ ખેડા સત્યાગ્રહ અને ગાંધીજી કઠલાલમાં આવ્યા હોવાનો પુરાવો આપે છે.




ગાંધીજી કઠલાલમાં રહ્યા હોવાનો પુરાવો આપતી તકતી




VAKIL K M ENGLISH SCHOOL



ખેડા સત્યાગ્રહ સ્મારક (કીર્તિસ્તંભ)




**કીર્તિસ્તંભ પરનું લખાણ**

**પાદનોંધ**

૧.દલાલ ચંદુલાલ (સંગ્રાહક), *ગાંધીજીની દિનવારી*, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૧૯૯૦ (બીજી આવૃત્તિ) પૃ.૫૯૨

૨.પરીખ શંકરલાલ દ્વારકાદાસ, *ખેડા સત્યાગ્રહ*, સાબરમતી આશ્રમ સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૫૪ (બીજી આવૃત્તિ) પૃ.૬૦-૬૧

૩. દલાલ ચંદુલાલ,પૂર્વોકત ગ્રંથ, પૃ.૫૮

૪. એજન, પૃ.૫૮

૫.એજન, પૃ.૬૧

૬.દેસાઈ મહાદેવભાઈ, *મહાદેવભાઈની ડાયરી*,ભાગ ૪(૧૩-૧૧-૧૭ થી ૧૭-૦૧-૧૯),નવજીવન મુદ્રણાલય અમદાવાદ, ઓગષ્ટ ૧૯૫૦, પૃ.૭૨

૭. દલાલ ચંદુલાલ, પૂર્વોકત ગ્રંથ, પૃ.૬૩

૮.એજન, પૃ.૬૩

૯.દેસાઈ મહાદેવભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ.૧૨૯

૧૦.પરીખ શંકરલાલ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ.૨૩૧-૨૩૨

૧૧.દેસાઈ મહાદેવભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ.૧૨૯-૧૩૦

૧૨. ગાંધી મોહનદાસ, *ગાંધીજીનો અક્ષરદેહ* (મહાત્મા ગાંધીજીના લખાણો,ભાષણો,પત્રો વગેરેનો સંગ્રહ), ભાગ-૧૪(ઓક્ટોબર ૧૯૧૭ થી જુલાઈ ૧૯૧૮), નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૬૭, પૃ.૪૦૭

૧૩.એજન, પૃ.૪૦૭

૧૪.એજન, પૃ.૪૦૭

૧૫.એજન, પૃ.૪૦૭

૧૬. દેસાઈ મહાદેવભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ.૧૩૦

૧૭.દલાલ ચંદુલાલ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ.૬૪

૧૮.એજન, પૃ.૬૪

૧૯.એજન, પૃ.૧૨૬

૨૦.એજન, પૃ.૧૨૬

૨૧.ગાંધી મોહનદાસ, *ગાંધીજીનો અક્ષરદેહ* (મહાત્મા ગાંધીજીના લખાણો,ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ), ભાગ-૨૦ (એપ્રિલ ૧૯૨૧ થી ઓગષ્ટ ૧૯૨૧), નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૭૧, પૃ.૫૯

નોંધ : કઠલાલની રૂબરૂ મુલાકાત લીધેલ છે. તા.૧૬/૦૮/૨૦૨૧